ફતેગંજ, રાત્રી બજાર અને પ્રતાપનગર બ્રિજ પાસે તવાઈ

# પાલિકાએ કમાટીબાગથી સુસેન સર્કલ સુધીના રાજમાર્ગોના દબાણમુક્ત કર્યા

**લારી-ગલ્લા** અને પથારાવાળાઓનો સામાન જપ્ત કરી રસ્તા ખુલ્લા કરાયા



(પ્રતિનિધિ), વડોદરા. તા.3

વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરીટી શાખા દ્વારા આજે શહેરના વિવિધ વિસ્તારોમાં અડીંગો જમાવીને બેઠેલા દબાણકર્તાઓ સામે લાલ આંખ કરી સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પાલિકાની ટીમે શહેરના મુખ્ય માર્ગો અને જાહેર સ્થળો પરથી દબાણો દૂર કરી મોટી માત્રામાં સામાન જપ્ત કર્યો હતો.

પાલિકાની ટીમે કમાટીબાગ ગેટ નં. 02 સામે, પેવેલિયન સર્કલ, બેંક ઓફ બરોડાથી એન.સી.સી. ઓફિસ અને ફતેગંજ સુધીના માર્ગો પરથી દબાણો હટાવી સામાન જપ્ત કર્યો હતો. આ ઉપરાંત કમાટીબાગના ગેટ નં. 01, 02 અને 03 પાસે પણ સફાયો કરવામાં આવ્યો હતો.

મિલન પાર્ટી પ્લોટ, રાત્રી બજાર તેમજ જેલ રોડ પર આવેલી BSNL ઓફિસની સામેથી દબાણ દૂર કરવામાં આવ્યા હતા. સરદાર એસ્ટેટ ચાર રસ્તા, લેપ્રેસી ગ્રાઉન્ડ, આજવા ચોકડી, રાત્રી બજાર, પ્રતાપનગર બ્રિજ અને પોલીસ હેડ ક્વાર્ટર સુધીના વિસ્તારમાં પણ દબાણ શાખાની ટુકડીઓએ કામગીરી કરી હતી. વોર્ડ નં. 17ની સ્થાનિક ટીમને સાથે રાખીને પ્રતાપનગરથી સુસેન સર્કલ અને ડેરી સુધીના માર્ગ પર બેસતા પથારાવાળાઓના દબાણ દૂર કરી સામાન જપ્ત કરાયો હતો. આ તમામને ફરીથી દબાણ ન કરવા માટે મૌખિક સૂચના પણ આપવામાં આવી હતી. કીર્તિસ્તંભ, નહેરુ ભવન પાસે, દાંડિયા બજાર શનિદેવ મંદિરથી સોલર પ્લાન્ટ સુધી તેમજ જુડિયો મોલ પાસેના દબાણો પર પણ પાલિકાનું બુલડોઝર ફર્યું હતું.

પાલિકાની આ આક્રમક કામગીરીને પગલે માર્ગો પર ટ્રાફિકની સમસ્યામાં રાહત જોવા મળી હતી.

# આજે વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે ભવ્ય હોલી-ડોલોત્સવ ઉજવણી

**શ્રી વ્રજરાજકુમારજી** મહોદય શ્રીના મંગલ સાનિધ્યમાં રંગો અને ભક્તિનો સંગમ

**૪ માર્ચે** ખેલોત્સવ અને ડોલોત્સવ, વૈષ્ણવો માટે ભોજન પ્રસાદીની વિશેષ વ્યવસ્થા

(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલું વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ભારતીય સંસ્કૃતિના પરંપરાગત ઉત્સવોની ભવ્ય ઉજવણી માટે દેશ-વિદેશમાં જાણીતું છે. શ્રીકૃષ્ણને અત્યંત પ્રિય એવા હોલી ઉત્સવ અને ડોલોત્સવ પર્વની ભવ્ય ઉજવણી વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે તા. ૪ માર્ચ, બુધવારના રોજ યોજાવાની છે.

ઉત્સવની પૂર્વ સંધ્યાએ તા. ૩ માર્ચ, મંગળવારના રોજ સાંજે ૬:૩૦ કલાકે પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદય



શ્રીના મંગલ સાનિધ્યમાં શ્રી ઠાકોરજી સુખાર્થે હોલી પ્રજવલન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોએ હાજરી આપી દર્શન-પૂજનનો લાભ લીધો હતો.

તા. ૪ માર્ચના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્રથમ ખેલ યોજાશે તેમજ બપોરે ૧૨:૦૦ કલાકે ચોથો ખેલ યોજાશે. ત્યારબાદ ડોલોત્સવ પર્વની ભાવભીની અને ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

ડોલોત્સવ પૂર્ણ થયા બાદ સર્વ વૈષ્ણવો માટે ભોજન પ્રસાદીની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વ્રજધામ દ્વારા તમામ વૈષ્ણવોને આ દિવ્ય ઉત્સવમાં ભાગ લઈ ધાર્મિક આનંદ માણવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

હળદર, ફૂલો, ચોખા અને અન્ય કુદરતી ઘટકોથી તૈયાર કરેલા રંગોનો ઉપયોગ

# MSUમાં વિદ્યાર્થીઓએ ધૂમ મચાવી, કુદરતી રંગોથી રંગોના પર્વને મનાવી સમાજને આપ્યો સંદેશ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

વડોદરામાં રંગોત્સવની ધૂમ જોવા મળી રહી છે. એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓએ ધુળેટીનો તહેવાર ઉત્સાહભેર ઉજવ્યો હતો. વિદ્યાર્થીઓએ એકબીજાને નેચરલ કલર લગાવીને ઉજવણી કરી અને સાથે સમાજને મહત્વપૂર્ણ સંદેશ પણ આપ્યો હતો.



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં ધુળેટીની ઉજવણી રંગબેરંગી અને ઉત્સાહભર્યા માહોલમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ કેમ્પસને કુદરતી રંગોથી રંગીને તહેવારની મજા માણી અને એકબીજાને પ્રેમથી રંગ લગાવીને ભાઈચારાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ ઉજવણીમાં વિદ્યાર્થીઓએ માત્ર આનંદ જ નહીં, પરંતુ, સમાજ માટે એક મહત્વપૂર્ણ સંદેશ પણ આપ્યો હતો. તેઓએ લોકોને કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ ટાળવો જોઈએ, કારણ કે આવા રંગો ત્વચા અને આંખોને નુકસાન પહોંચાડે છે અને પર્યાવરણને પણ દૂષિત કરે છે. તેના બદલે, હલદર, ફૂલો, ચોખા અને અન્ય કુદરતી ઘટકોથી તૈયાર કરેલા રંગોનો જ ઉપયોગ કરીને તહેવાર ઉજવવો જોઈએ. આ પ્રયાસથી તેઓએ ન માત્ર પોતાની સુરક્ષાનું ધ્યાન રાખ્યું, પરંતુ સમગ્ર સમાજને પણ જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થીઓએ વધુમાં જણાવ્યું હતું કે, ધુળેટી જેવા તહેવારો આનંદ, એકતા અને ભાઈચારાનું પ્રતીક છે. તેથી, તેને શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે ઉજવવું જરૂરી છે. કોઈ પણ પ્રકારની હિંસા કે અનિચ્છનીય વર્તનથી દૂર રહીને તહેવારનો ખરો આનંદ માણવો જોઈએ. કેમ્પસમાં મ્યુઝિક પર ડાન્સ અને હાસ્યભર્યા રમતોની મજા લેતા વિદ્યાર્થીઓના ચહેરાઓ પર ચમકતા હાસ્ય અને ઉત્સાહથી આખું વાતાવરણ રંગીન બની ગયું હતું.

પાલિકાની કામગીરીની પોલ ખુલી

# ‘ખાડો ખોદે તે પડે’ જેવો ઘાટ, વોર્ડ-16માં પાલિકાનું જ જેટિંગ મશીન ખાડામાં ગરકાવ

**ગટર** સાફ કરવા ગયેલું મશીન જમીન ધસી પડતા ફસાયું, કર્મચારીઓના જીવ તાળવે ચોંટ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગર પાલિકાની ‘અણઘડ’ કાર્યપદ્ધતિનો વધુ એક નમૂનો મંગળવારે શહેરના વોર્ડ નંબર 16માં જોવા મળ્યો હતો. શહેરમાં અવારનવાર પડતા ભુવા અને અધૂરી કામગીરી વચ્ચે આજે એક રમુજી પણ ગંભીર કહી શકાય તેવી ઘટના બની હતી. ગટર સફાઈ માટે ગયેલું પાલિકાનું જ જેટિંગ મશીન અચાનક જમીન ધસી પડતા પાલિકાએ જ ખોદેલા ખાડામાં ફસાઈ ગયું હતું. આ ઘટનાને પગલે સ્થળ પર હાજર કર્મચારીઓમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.



મળતી માહિતી મુજબ, શહેરના વોર્ડ 16 વિસ્તારમાં ગટર લાઈનની સફાઈ અને જાળવણી માટે કોર્પોરેશનનું જેટિંગ મશીન મોકલવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં પાલિકા દ્વારા અગાઉથી જ સમારકામ માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. જોકે, કામગીરી પૂર્ણ થયા બાદ માટીનું યોગ્ય પુરાણ ન થયું હોવાથી અથવા નબળા કામને કારણે જેટિંગ મશીન જેવું ત્યાંથી પસાર થયું કે તુરંત જ જમીન ધસી પડી હતી. ભારેખમ મશીનનો પાછળનો ભાગ સીધો ખાડામાં ખૂંપી ગયો હતો.

મશીન અચાનક નમી પડતા ડ્રાઈવર અને અન્ય સફાઈ કર્મચારીઓ ગભરાઈ ગયા હતા અને જીવ બચાવવા બહાર કૂદી પડ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મશીનને ખાડામાંથી બહાર કાઢવા માટે પાલિકાએ અન્ય ક્રેઈન અને સાધનોની મદદ લેવી પડી હતી.

સમગ્ર કેમ્પસને ઉર્જા, ઉત્સાહ અને યુવા પ્રતિભાથી ગુંજાવી દીધો

# વીરોત્સવ 2026 : VIER કેમ્પસમાં છ દિવસીય ઉત્સાહ, પ્રતિભા અને ઉત્સવનો મહાસંગમ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વીર ઈન્સ્ટિટ્યૂટ, કોટંબી (VIER કેમ્પસ) ખાતે તા. 23 થી 28 ફેબ્રુઆરી 2026 દરમિયાન આયોજિત છ દિવસીય મેગા ઉજવણી *“વીરોત્સવ 2026”*એ સમગ્ર કેમ્પસને ઉર્જા, ઉત્સાહ અને યુવા પ્રતિભાથી ગુંજાવી દીધો હતો.

રમતગમત, ટેકનોલોજી, સર્જનાત્મકતા અને સંસ્કૃતિનું અનોખું સંયોજન ધરાવતો આ ઉત્સવ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સીમાઓથી પર જઈ પોતાની પ્રતિભા વ્યક્ત કરવાનો ઉત્તમ મંચ બન્યો.

આ મહોત્સવમાં 300થી વધુ વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો, જેને કારણે કેમ્પસમાં ઉત્સાહ અને ટીમ સ્પિરિટ છવાઈ ગઈ હતી. કબડ્ડી, ક્રિકેટ, ખો-ખો, વોલીબોલ, ટગ ઓફ વોર જેવી આઉટડોર રમતો ઉપરાંત બેડમિન્ટન, ચેસ, કેરમ અને ટેબલ





ટેનિસ જેવી ઈન્ડોર સ્પર્ધાઓ યોજાઈ. સાથે જ કોડિંગ ક્વિઝ, ઈ-સ્પોર્ટ્સ, BGMI, વેલોરન્ટ, રોબોટિક્સ અને બિઝનેસ ચેલેન્જ જેવી ટેક ઈવેન્ટ્સે વિદ્યાર્થીઓની નવીનતાને ઉજાગર કરી.

કલાત્મક સ્પર્ધાઓ, મનોરંજક રમતો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓએ ઉત્સવમાં રંગ ભર્યા. 28 ફેબ્રુઆરીએ યોજાયેલી કલ્ચરલ ઈવનીંગમાં નૃત્ય, ગાયન, ફેશન શો અને નાટ્ય પ્રસ્તુતિઓએ સૌને મંત્રમુગ્ધ કર્યા. સમાપન પ્રસંગે યોજાયેલ સામૂહિક ભોજન સાથે વીરોત્સવ 2026 સંસ્થાના ઈતિહાસમાં યાદગાર અધ્યાય બની રહ્યો.

# જ્ઞાન ગુજરાત કેમ્પસના વિદ્યાર્થીની ઈકો-ફ્રેન્ડલી પ્રાકૃતિક હોળી ઉજવી



**કુદરતી** રંગોનો ઉપયોગ કરીને બાળકોએ ત્વચા-સૌમ્ય રંગો તૈયાર કર્યા

**આ પ્રક્રિયાએ** એક ઉત્સવની તૈયારીને રોમાંચક વૈજ્ઞાનિક પ્રયોગમાં પરિવર્તિત કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.3

પરંપરા, વિજ્ઞાન અને પર્યાવરણીય જાગૃતિના સુંદર સંકલન થકી ગ્યાના ગુજરાત કેમ્પસના વિદ્યાર્થીઓ ઈકો-ફ્રેન્ડલી પ્રાકૃતિક હોળી રંગો બનાવી હોળીના રંગોનો ઉપયોગ કરતા. કેમ્પસને શિક્ષણ અને આનંદના જિવંત પ્રયોગશાળામાં ફેરવી દીધું છે.

કેસુડાના ફૂલો (ફોરેસ્ટ ફ્લેમ), બીટરૂટ, પાલક, માલબેરીઝ અને જાસમિન જેવા પ્રકૃતિના પોતાના રંગોનો ઉપયોગ કરીને બાળકોએ તેજસ્વી, ત્વચા-સૌમ્ય રંગો તૈયાર કર્યા છે. જેનાથી હોળીને તેની સંપુર્ણ શુદ્ધ સ્વરૂપમાં ઉજવણી કરી છે. આ રંગોમાં બેઝ તરીકે મકાઈનો સ્ટાર્ચ પાવડરનો ઉપયોગ કરવામાં આવ્યો, જેનાથી રંગો નમ્ર, બાયોડિગ્રેડેબલ અને સંપૂર્ણ રીતે રાસાયણિક મુક્ત રહ્યા છે.

આ પ્રવૃત્તિ માત્ર રંગો વિશે જ નહોતી; તે ટકાઉપણું અને વૈજ્ઞાનિક જિજ્ઞાસા વિશેના સંકલન સમાન છે. જ્યારે બાળકો કૉર્નસ્ટાર્ચને રંગો સાથે મિશ્રિત કરતાં હતા, ત્યારે તેમણે રોમાંચક નોન-ન્યુટનિયન વર્તન જોયું, જેને લોકપ્રિય રીતે ઓબ્લેક અથવા શીયર-થીકનીંગ ફેનોમેનન તરીકે ઓળખવામાં આવે છે. મિશ્રણનો પ્રવાહી હતું પરંતુ સતત દબાણ હેઠળ કડક થઈ જાય છે. આ પ્રક્રિયાએ એક ઉત્સવની તૈયારીને રોમાંચક વૈજ્ઞાનિક પ્રયોગમાં પરિવર્તિત કર્યું હતું. હાસ્ય, આશ્ચર્ય અને શીખ સાથે જિજ્ઞાસા અને સર્જનાત્મકતા બાળકોમા જોવા મળી હતી.

કેમ્પસની બહાર, બાળકો તેમની હાથે બનાવેલી રંગો ઘરે લાવી અને પોતાના પરીવાર અને મિત્રોને વ્હેચી ઈકો-ફ્રેન્ડલી ધૂળેટીની ઉજવણીનો સંદેશ ફેલાવ્યો હતો. તથા કેમીકલની જગ્યાએ પ્રકૃતિ પસંદ કરવા પ્રેરિત કર્યા હતા.

આ કેમ્પસના બાળકોએ કુદરતી રંગ બનાવી ઈકો ફ્રેન્ડલી તહેવાર ઉજવણીનો સંદેશ ફેલાવ્યો હતો. શાળાના સ્થાપક ડૉ. બૃજેશએ વધુમાં જણાવ્યુ હતું કે, “ગ્યાનામાં અમે હોળી ઉત્સવ માટે માટીની થેરાપી અને પાણીની થેરાપી કન્સેપ્ટને પ્રોત્સાહન આપીએ છીએ, અહી માટી અને ગોબરમાંથી જુદી જુદી આકૃતિઓના છાણા બનાવે છે અને પરંપરાગત મટકાઉંધિયુ ભોજન પકાવે છે.”

આ હોળી, ગ્યાનાગુજરાત કેમ્પસે ફક્ત રંગો બનાવ્યા નથી પરંતુ તે જાગૃત નાગરિકો, વૈજ્ઞાનિક વિચારો અને સહાનુભૂતિશીલ પરિવર્તન લાવનારાઓ માટે પ્રેરક બન્યા છે.

# ભરૂચના ઝનોર ગામે જમીન માપણી મુદ્દે 18 લોકો વિરુદ્ધ સામસામે ફરિયાદ

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 3

ભરૂચ જિલ્લાના નબીપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા ઝનોર ગામમાં જમીન માલિકી અને ગેરકાયદેસર બાંધકામના મુદ્દે બે જૂથો વચ્ચે કાનૂની અને હિંસક ઘર્ષણ સર્જાયું છે. વર્ષો જૂના જમીન વિવાદે તારીખ 01/03/2026 ના રોજ એકાએક હિંસક વળાંક લેતા ગામનું શાંત વાતાવરણ ડહોળાઈ ગયું હતું.

સર્વે નંબર- 293 વાળી જમીનની માપણી કરવાના મામલે હેમેન્દ્રસિંહ રણા અને દિપ્તીબેન સોલંકીના જૂથો વચ્ચે સામસામી અથડામણ થતા બંને પક્ષે એકબીજા પર ગંભીર આક્ષેપો લગાવ્યા છે, જેના પગલે નબીપુર પોલીસ મથકે કુલ 18 વ્યક્તિઓ સામે સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રથમ ફરિયાદ ઝનોરના હેમેન્દ્રસિંહ કિરણસિંહ રણા દ્વારા નોંધાવવામાં આવી છે, જેમાં તેમણે આક્ષેપ કર્યો છે કે, જ્યારે તેઓ ખાનગી સર્વેયર શ્રવણ રાણા પાસે પોતાની કૌટુંબિક જમીનની માપણી કરાવી રહ્યા હતા, ત્યારે રામજીભાઈ પટેલ, દિપ્તીબેન સોલંકી, કેશરસિંગ સોલંકી સહિતના 9 વ્યક્તિઓએ એકસંપ થઈને ગેરકાયદેસર મંડળી રચી તેમના પર હુમલો કર્યો હતો. તેઓએ માપણી અટકાવી, ગાળાગાળી કરી અને હેમેન્દ્રસિંહનો હાથ ખેંચી ટોળામાં લઈ જઈ ટાંટિયા ભાંગી નાખવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બીજી તરફ, સામા પક્ષે દિપ્તીબેન ચીરાગકુમાર સોલંકી દ્વારા વળતી ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેમાં હેમેન્દ્રસિંહ રણા, ભુમીરાજ રાજ, જશપાલસિંહ રાજ સહિત 9 વ્યક્તિઓને આરોપી દર્શાવવામાં આવ્યા છે. દિપ્તીબેનના જણાવ્યા મુજબ, તેઓ અને અન્ય સાહેદો પોતાના કાયદેસરના દસ્તાવેજી મકાનોમાં રહે છે, છતાં હેમેન્દ્રસિંહના જૂથે ત્યાં આવીને બાંધકામ ગેરકાયદેસર હોવાનું જણાવી માપણીનો આગ્રહ રાખ્યો હતો.

# માંજલપુર વિસ્તારમાં લાખોની રોકડ સાથે એટીએમ મશીન સ્વાહા!

**ફાયર** બ્રિગેડની બે ગાડીઓએ ભારે જહેમત બાદ આગ ઠારી

(પ્રતિનિધિ) વડોદરા તા.3

સંસ્કારી નગરી વડોદરાના માંજલપુર વિસ્તારમાં આજે સાંજના સમયે એક એટીએમ માં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એટીએમ મશીન સહિત તેમાં રહેલી તમામ રોકડ રકમ બળીને ખાખ થઈ ગઈ હોવાની આશંકા છે. આગની જ્વાળાઓ એટલી વિકરાળ હતી કે તેની લપેટમાં આસપાસની દુકાનો પણ આવી ગઈ હતી, જેના કારણે મોટાપાયે આર્થિક નુકસાન થયું છે.

માંજલપુર સ્થિત એક કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં આવેલા એટીએમ સેન્ટરમાં સાંજના સમયે અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ અંગેની જાણ થતા જ સાંજે 5:41 વાગ્યે ફાયર બ્રિગેડને



જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા જોતા ફાયર વિભાગની બેથી વધુ ગાડીઓ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી.

જે બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર એટીએમ આવેલું હતું, તેની ઉપરના માળે રહેણાંક એપાર્ટમેન્ટ હોવાથી રહીશોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. સાવચેતીના ભાગરૂપે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો, જેના કારણે આગ વધુ ઉપરના માળ સુધી પ્રસરતા અટકી હતી.

સદનસીબે આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, જે એક મોટી રાહતના સમાચાર છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આ દુર્ઘટના બની હોવાનું અનુમાન છે. હાલમાં ફાયર વિભાગ અને સંબંધિત સત્તાવાળાઓ દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણો જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

# મનીષા વકીલ સામે શિવસેનાનો ઉગ્ર વિરોધ અને રાજીનામાની માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન મંત્રી મનીષા વકીલ દ્વારા આંકડાકીય માહિતી વાંચવામાં પડેલી મુશ્કેલી હવે રાજકીય વિવાદનું કેન્દ્ર બની છે. વડોદરામાં શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે જૂથ) દ્વારા આ મામલે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. શહેરના વ્યસ્ત એવા ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પર મંત્રી વિરુદ્ધ બેનરો લગાવીને તેમના રાજીનામાની માંગ કરવામાં આવી છે.

તાજેતરમાં વિધાનસભા ગૃહની કાર્યવાહી દરમિયાન મંત્રી મનીષા વકીલ એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. આ દરમિયાન લેખિત માહિતીમાં રહેલા ગુજરાતી આંકડાઓ અને ઉચ્ચારણમાં તેઓ વારંવાર અટવાયા હતા. પરિસ્થિતિ એવી સર્જાઈ હતી કે તેમણે આંકડા સ્પષ્ટ વાંચવા માટે અધ્યક્ષની મંજૂરી લેવી પડી હતી અને ત્યારબાદ તેઓ આગળ વધ્યા હતા.

આ ઘટના ના પગલે વિપક્ષ અને અન્ય સંગઠનોને મંત્રી પર પ્રહાર કરવાની તક મળી ગઈ છે. વડોદરા મનીષા વકીલનું હોમટાઉન હોવાથી સ્થાનિક રાજકારણમાં આ મુદ્દો વધુ ગાજ્યો છે.


**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**ટેન્ડર નોટીસ**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૨૬૨/૨૫-૨૬ | પાણી પુરવઠા પ્રોજેક્ટ | ૦૧ | ૭,૯૯,૫૯૭/- |
| ૨ | ૧૨૬૩/૨૫-૨૬ | પા.પુ.(ઇલે.મિકે.) | ૦૧ | ૭૪,૬૩,૪૭૨/- |
| 3 | ૧૨૬૪/૨૫-૨૬ | પ્રેસ વિભાગ | ૦૨ | ૭,૫૦,૦૦૦/- |
| ૪ | ૧૨૬૬/૨૫-૨૬ | પા.પુ.(વિતરણ) | ૦૫ | 3,00,00,000/- |
| ૫ | ૧૨૬૭/૨૫-૨૬ | વ્હીકલપુલ શાખા | ૧૧ | ૫,૩૬,૭૬૫/- |
| ૬ | ૧૨૬૮/૨૫-૨૬ | રોડ પ્રોજેક્ટ | ૦૨ | 3,૧૪,૬૩,૫૮૨/- |
| ૭ | ૧૨૬૯/૨૫-૨૬ | પૂર્વ ઝોન | ૦૧ | ૪,૧૦,૮૩૫/- |
| ૮ | ૧૨૭૦/૨૫-૨૬ | પૂર્વ ઝોન | ૦૧ | ૪,૬૧,૪૦૭/- |

**નોંધ: અ.નં.૨,૪ અને ૬ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.**

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

**પી.આર.ઓ.નં.૧૨૭૧/૨૦૨૫-૨૬** **જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત**


વડોદરાની મહિલાઓની ઇકો-ફ્રેન્ડલી પહેલ આપે છે સ્વસ્થ અને પર્યાવરણમૈત્રી ઉત્સવનો સંદેશ

# સંસ્કારી નગરીમાં કુદરતના રંગોથી ખીલી ઊઠશે ધૂળેટી

**ચોખાના** લોટ સાથે કાળજીપૂર્વક મિશ્રણ કરી બનાવેલા આ રંગો નરમ, ત્વચા માટે સુરક્ષિત અને પર્યાવરણ માટે હાનિરહિત

(પ્રતિનિધિ) વડોદરા તા.3

ધૂળેટી એટલે રંગો, આનંદ અને ઉમંગનો ઉત્સવ. પરંતુ છેલ્લા કેટલાંક વર્ષોમાં રસાયણયુક્ત રંગોએ સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંને માટે જોખમ ઉભું કર્યું છે. આવા સમયે વડોદરા જિલ્લાની કેટલીક મહિલાઓએ એક સરાહનીય પહેલ કરીને કુદરતી રંગો દ્વારા ઇકો-ફ્રેન્ડલી ધૂળેટીનો સંદેશ આપ્યો છે.

**ફૂલોથી અને શાકભાજીથી તૈયાર થતા રંગો**

આ મહિલાઓ ગુલાબ, ગલગોટા જેવા સુગંધિત ફૂલો તેમજ





બીટ, પાલક જેવા શાકભાજીનો ઉપયોગ કરીને સંપૂર્ણપણે રસાયણ મુક્ત રંગો તૈયાર કરે છે. ચોખાના લોટ સાથે કાળજીપૂર્વક મિશ્રણ કરી બનાવેલા આ રંગો નરમ, ત્વચા માટે સુરક્ષિત અને પર્યાવરણ માટે હાનિરહિત છે. કૃત્રિમ પાવડરથી થતી એલર્જી, ચામડીની બળતરા અને જળ-માટીના પ્રદૂષણથી બચવાનો આ એક ઉત્તમ વિકલ્પ છે.

**ઉત્સવ સાથે જાગૃતિ**

આ પહેલ માત્ર રંગ વેચાણ પૂરતી સીમિત નથી, પરંતુ તે જનજાગૃતિનું અભિયાન પણ છે. હેન્ડમેડ રંગોને ૫૦ ગ્રામની બોટલોમાં આકર્ષક રીતે પેક કરીને સ્થાનિક બજારમાં વેચવામાં આવે છે. આ દ્વારા પરિવારોને પર્યાવરણમૈત્રી પસંદગીઓ તરફ પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેથી રંગોના ઉત્સવ દરમિયાન ત્વચા, જમીન અને જળસ્રોતોને કોઈ નુકસાન ન પહોંચે.

**પહેલ પાછળની પ્રેરણા : રાજેશ્વરીસિંહ**

આ સમગ્ર પ્રયાસની પ્રેરક શક્તિ વડોદરાની રાજેશ્વરીસિંહ છે, જેઓ શૂન્ય-વેસ્ટ પહેલો અને સસ્ટેનેબિલિટી માટે પ્રતિબદ્ધ છે. પર્યાવરણ સંરક્ષણ અને મહિલા સશક્તિકરણને એકસાથે જોડતી તેમની દૃષ્ટિએ સ્થાનિક મહિલાઓને ઉત્પાદન પ્રક્રિયામાં જોડીને તેમને આર્થિક રીતે સ્વતંત્ર બનાવ્યા છે.

**રોજગાર અને સ્વમાન**

આ પ્રોજેક્ટ દ્વારા જોડાયેલી મહિલાઓને સન્માનપૂર્ણ રોજગાર મળે છે અને તેઓ દૈનિક આશરે રૂ. ૫૦૦ સુધીની આવક મેળવે છે. એક સરળ તહેવારની વિચારધારાને રાજેશ્વરીસિંહે સમુદાય વિકાસના અર્થપૂર્ણ મોડેલમાં રૂપાંતરિત કરી છે, જ્યાં ઉત્સવ આનંદ, સ્વાસ્થ્ય અને સશક્તિકરણ સાથે જોડાય છે.

**રંગોમાં છુપાયેલો સંદેશ**

વડોદરાની મહિલાઓ દ્વારા બનાવેલા આ કુદરતી રંગો સાબિત કરે છે કે પરંપરા અને પર્યાવરણ સાથે ચાલે તો ઉત્સવ વધુ સુંદર બને. ધૂળેટી માત્ર રંગોની નહીં, પરંતુ જવાબદારી, સંવેદનશીલતા અને સહભાગિતાની ઉજવણી બની શકે છે–આ સંદેશ આ પહેલ દ્વારા દરેક ઘરમાં પહોંચે છે. કુદરતના રંગોથી રમાયેલી ધૂળેટી, સ્વસ્થ સમાજ અને હરિયાળા ભવિષ્ય તરફનું એક નાનું પરંતુ મહત્વપૂર્ણ પગલું છે.


DGVCL

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

CIN U40102GJ2003SGC042909

અંકલેશ્વર ઓદ્યોગીક વિભાગીય કચેરી

ત્રીજો માળ, ONGC વર્કશોપની સામે, અંકલેશ્વર ૩૯૩ ૦૦૧

ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**અંકલેશ્વર પૂર્વ પેટાવિભાગીય કચેરીના સ્ટોર માટે જગ્યા ભાડે જોઈએ છે**

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. ની અંકલેશ્વર પૂર્વ પેટાવિભાગીય કચેરીના સ્ટોર માટે આશરે ૩૫૦૦ થી ૪૫૦૦ ચો. ફૂટ જેટલી ખુલ્લી જગ્યા માસિક ભાડાથી ઓછામાં ઓછા ત્રણ વર્ષના ભાડાકરારથી જોઈએ છે.

| કચેરીનું નામ | કારપેટ એરિયા ( ચો. ફૂટ) | વિસ્તાર |
|---|---|---|
| અંકલેશ્વર પૂર્વ પેટાવિભાગીય કચેરીના સ્ટોર | આશરે ૩૫૦૦ થી ૪૫૦૦ | અંકલેશ્વર વાલિયા ચોકડી, ભડકોદ્રા ની આસપાસનો એરિયા |

સ્ટોર માટેની જગ્યા કોમર્શિયલ હેતુસર મંજૂર થયેલ હોવી જોઇએ તથા સ્ટોરની જગ્યાનું કમ્પાઉન્ડ વોલ તથા ગેઇટ હોવું જોઈએ, જેમા ૬ X ૮ ફૂટ લાટીંગ વાળી કેબિન બનાવી આપવાની રહેશે.

રસ ધરાવનાર પાર્ટીએ તા. ૧૬ /૦૩ /૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં આશરે ૩૫૦૦ થી ૪૫૦૦ ચોરસ ફૂટ કારપેટ એરિયાના એક મહિનાના ભાવ સાથે દરખાસ્ત ઉપરોક્ત દર્શાવેલ સરનામે મોકલી આપવી. તેમજ કવર પર અંકલેશ્વર પૂર્વ પેટા વિભાગીય કચેરીના સ્ટોર માટે જગ્યા ભાડે રાખવા માટે જરૂર લખવું.

કવરમાં દરખાસ્ત સાથે જગ્યાના

(૧) ગ્રામ પંચાયતમાંથી મંજુર કરેલ પ્લાન અને સ્થળ દર્શાવતાની નકલ

(૨) નગરપાલિકા માંથી મંજુર કરેલ સહીસિક્કા વાળા નકશાની બે નકલ

(૩) ગ્રામ પંચાયત/નગર પાલિકાના સહી સિક્કાવાળું જગ્યા નામે છે તે અંગેની વેરા પાવતીની નકલ, દસ્તાવેજની સર્ટિફાઇડ નકલ, ભાગીદારો હોય તો “પાવર ઓફ એટર્ની” ની નકલ, પી ડબલ્યુ.ડી ભાડા આકારણી હોય તો તે પ્રમાણે ભાડુ લેવા તૈયાર છે તેની વિગત તેમજ મકાનનું ભાડું બધા ટેક્ષ / વેરા સહિત છે,તેની વિગત જણાવવાની રહેશે. દક્ષિણ ગુજરાત વિજ કંપની લિ ની મંજુરી મળ્યે થી જગ્યા નો કબજો તરત જ આપવાનો રહેશે.અને તે દ.ગુ.વી.કં.લી ની પ્રવર્તમાન શરતોને આધીન રહેશે.

કાર્યપાલક ઈજનેર (સં.અને નિ.), અંકલેશ્વર ઓદ્યોગીક વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો